
# ખ્રિસ્તી મંડળીનો ફેલાવો ઈસ. ૧૯૦૦ થી અત્યાર સુધી

**નોંધ :** તમારે સ્ટડી H4a1અને H4a2 સ્ટડી પ્રાચીન મંડળીના ઈતિહાસ માટે વાંચીને આ અભ્યાસ માટે તૈયાર થવું. બાળકોને શીખનારે H4b3 વાંચવો.

**૧. ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ શીખવવા માટે પ્રાર્થના અને દેવના વચન વડે તૈયારી કરો.**

**પ્રાર્થના :** વહાલા પ્રભુ ઈસુ તમે જગતમાં જે કરી રહ્યા છો અને અમારે તેમાં કઈ રીતે તમારી સાથે સુવાર્તાના ફેલાવામાં ભાગીદાર થવું તે વિષે શીખવા મારી અને મારા ટોળાની સહાય કરો.




જગતની વસ્તીમાં ૨૦ મી સદીમાં કાર્યશીલ ખ્રિસ્તી લોકોની ટકાવારીનો ગ્રાફ (આલેખ) અહીં છાપવો. તેની નીચેનું લખાણ આ પ્રમાણે છે. કાર્યશિલ ખ્રિસ્તીઓની ટકાવારી ૧૮ સદીઓ સુધી ૨.૫% હતી જે ૧૯૦૦ની સાલમાં જોઈ શકાય છે જે ૧૯૭૦ સુધી બીજા ૨.૫% વધીને ૫% થઈ અને છેલ્લા ૩૦ વર્ષમાં, એટલે કે ૨૦૦૦ સુધી ૫%થી વધીને ૧૧.૨% થઈ. ઈસ ૨૦૦૦માં ઈતિહાસમાં પ્રથમ વાર દર દસ માણસોમાંથી એક કાર્યશિલ ખ્રિસ્તી છે - તે નામધારી હોય કે બિનખ્રિસ્તી પણ હોય.

## બાઈબલ અભ્યાસ

**પ્રે.કૃ. ૬:૫-૭** જયારે આગેવાનો સામાન્ય ખ્રિસ્તી માણસને સુવાર્તા લઈ જવાનો અધિકાર આપે છે ત્યારે શું થાય છે (જ. તેઓ આગળ લઈ જાય છે અને બીજા ઘણા વિશ્વાસી બને છે )

**પ્રેકૃ. ૮ :૧-૮** જયારે સત્તાધારીઓ ખ્રિસ્તીઓ, પ્રત્યે દુશ્મનાવટ ઊભી કરે છે ત્યારે સુવાર્તાનું સામાન્ય રીતે શું થાય છે? **પ્રેકૃ. ૧૨:૨૪ થી ૧૩ :૫** સુધી વાંચો પવિત્ર આત્મા મંડળીઓને એ બાબતો કરવાનું કહે છે જેથી બીજી જાતિઓમાં સુવાર્તાનો પ્રચાર થાય.

**પ્રેકૃ. ૧૪ :૨૧-૨૩** જેઓ નકારાયેલા લોકોની અંદર ગયા તેઓની મુખ્ય પ્રવૃત્તિઓ કઈ હતી.

- તેઓ કઈ બાબત વિષે કહેતા હતા ? (૨૧)
- ક્યા પ્રકારના સ્થળાએ તેઓ જાય છે ?
- નવા વિશ્વાસીઓ માટે તેઓ શું કરે છે ? (૨૨)
- નવા ખ્રિસ્તીઓને કેવા આગેવાનોની જરૂર છે ? (૨૩)
- મિશનેરીઓ ચાલ્યા જાય પછી નવી મંડળીઓને કોણ દોરશે ?

## ઈસ ૧૬૦૦ થી ૧૯૦૦

યુરોપમાં આત્મિક અને સાંસ્કૃતિક નવક્રાંતિ થઈ જેથી સામાન્ય ખ્રિસ્તી માણસ બાઈબલ પ્રાપ્ત કરીને વાંચી શક્યો. આને કારણે આ અસરો પડી.

- હજારો યુરોપિયનોને ઈસુ પર સાચો વિશ્વાસ મૂકવાની ખરી શોધ પ્રાપ્ત થઈ જેને કારણે ચર્ચ ક્રિયાકાંડોમાંથી છૂટકારો પ્રાપ્ત થયો.
- ઉતર યુરોપના રાષ્ટ્રોએ રોમ અને પોપ વિરુદ્ધ લડત ઉપાડી, મઠોનો નાશ કર્યો અને પ્રોટેસ્ટંટ ક્રાંતિ શરૂ થઈ.
- જર્મની અને ઈંગ્લેન્ડના પ્રોટેસ્ટન્ટોએ જગતના ઘણા ભાગોમાં વહાણ દ્વારા મીશનેરીઓ મોકલ્યા.
- કેથોલીક સૈનિકોએ દક્ષિણ અમેરીકા પર કબજો જમાવ્યો તેથી ઘણા પ્રોટેસ્ટંટો ઉતર અમેરીકામાં સ્થળાંતર થયા અને તેમણે ઘણા પંથો ઊભા કર્યા.
- આમ છતાં, બૌદ્ધિકવાદ (જેનો આધાર માનવ હિત પર હોય છે) તેણે ધીમે ધીમે ખ્રિસ્તી વિશ્વાસને સ્થાને જગ્યા બનાવી અને યુરોપમાં પકડ જમાવી.

## માર્ટીન લુથર

એક કેથોલિક સાધુ, માર્ટીન લુથર હતો જેણે નવા કરારનો અભ્યાસ કર્યો અને તેને માલૂમ પડયું કે દેવ માણસને તેના વિશ્વાસથી જ તારણ આપે છે. ઈ.સ. ૧૫૧૭માં તેણે ૯૫ સિદ્ધાંતો પ્રગટ કર્યા અને યુરોપના ખ્રિસ્તીઓને તેમની માન્યતાઓ અને કૃત્યો કરવા માટે બાઈબલ તરફ પાછા ફરવા હાકલ કરી. કેથોલિક પોપે તેને મના ફરમાવી માટે તે ભૂગર્ભમાં ચાલ્યો ગયો. લુથરની બાઈબલ પ્રમાણેની વિચારસરણી ની યુરોપમાં વ્યાપક અસરો થઈ અને પ્રોટેસ્ટંટ નવક્રાંતિનો ઉદ્‌ભવ થયો. આજના ઘણા પ્રોટેસ્ટંટ પંથોને બાઈબલ તરફ ફરવા માટે ફરીથી બીજી ક્રાંતિની જરૂર છે.

## ૨૦મી સદી

યુરોપની સત્તાથી મુક્ત થઈને ઉતર અમેરીકાના લોકોએ બાઈબલનું ૧૦૦૦ થી વધુ ભાષાઓમાં ભાષાંતર કર્યું અને મોટાભાગના દેશોમાં તેમના પંથો સ્થાપ્યા. જેની અસરો.

- તેમણે ઘણી સ્વતંત્ર, સુવાર્તિક મિશનેરી સંસ્થાઓ સ્થાપી
- ઘણા દેશોના રાષ્ટ્રીય ચર્ચો સ્વતંત્ર, સ્વપોષિત, સુવાર્તિક અને પોતાના મિશનેરીઓને બીજે મેકલનારા થયા.
- ચીનમાં ઘરની મંડળીની ચળવળ, રાજસત્તા તરફથી સતાવણી પામ્યા છતાં ભારે ફેલાવો પામી.
- આજે જગતમાં સુવાર્તા પ્રચાર કરતી ખ્રિસ્તી મંડળી તે સૌથી વૃદ્ધિ કરતી ધાર્મિક ચળવળ છે.
- ખ્રિસ્તી લોકોની બહુમતી ચીન, દક્ષિણ એશિયા, આફ્રિકા, દક્ષિણ અમેરીકા અને ઈન્ડોનેશિયામાં છે.

## ૨૧મી સદીની શરૂઆતે

ઘણા દેશોના ચર્ચો આજે બાકી રહેલા અને નકારાયેલા લોકોમાં પ્રવેશવા તત્પર છે. આની ખ્રિસ્તી મંડળી પર કેટલીક અસરો છે :

- આજે સ્વયંસ્ફુરિત સ્વતંત્ર મંડળી સ્થાપવાની ચળવળો મોટા ભાગના વિસ્તારોમાં ચાલે છે. જે ખ્રિસ્તી મંડળી માટે જોખમરૂપ છે.
- મોટાભાગના ખ્રિસ્તીઓ પાસે પોતાની ભાષામાં બાઈબલ છે.
- જૂની ચર્ચ રૂઢિઓથી મુક્ત થઈને ઘણા વિશ્વાસીઓ ખ્રિસ્તની આધિનતામાં પ્રેમ, પ્રાર્થના, સંગત, દયા અને સુવાર્તાપ્રચારને અનુસરી રહ્યા છે.

- ઘણી મંડળીઓ પોતાના આગેવાનો તરીકે પોતાના જ લોકોને નક્કી કરે છે.
- ભજન કરનારાઓ પોતાની સંસ્કૃતિના ઢાંચામાં પ્રવૃત્તિઓ ગોઠવે છે.

### ૨. સાથીદારો સાથે આવનાર અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન

ક્યા વિશ્વાસીઓ પાસે પોતાની ભાષામાં બાઈબલ નથી તે જાણીને તેવું બાઈબલ તેઓ ક્યાંથી ખરીદી શકે તેનું આયોજન કરો.

ક્યા માણસો બાઈબલ વાંચી શક્તા નથી તે શોધો અને તેમને અક્ષરજ્ઞાન આપીને બાઈબલ વાંચતા કરવાનું આયોજન કરો.

કઈ ચર્ચ રૂઢિઓ વિશ્વાસીઓને ખ્રિસ્તને મુક્તપણે આધિન થતા કે બીજાને ખ્રિસ્તને આધિન થવાનું શીખવતા અટકાવે છે તેની ચર્ચા કરો. આવી રૂઢિઓ મોટભાગે બીજા ચર્ચોમાંથી આવે છે.

તમારી મંડળી બહારથી આવતા પૈસા ઉપર નિર્ભર છે કે કેમ તેની ચર્ચા કરો અને તે સ્વપોષિત બને તેવું આયોજન કરો. જે ટોળાઓ પોતાની જરૂરિયાતો માટે દેવ પર આધાર રાખે છે તેમને આશિષ મળે છે.

તમારી આસપાસની કઈ જાતિઓમાં ખ્રિસ્તી લોકો કે મંડળીઓ નહિવત્ છે તેની ચર્ચા કરો અને તેમની મદદમાં તમારામાંથી કેટલાક સભ્યો ત્યાં મિશનેરી તરીકે જાય માટે પ્રાર્થના અને આયોજન કરો.

જે મંડળીઓના પાળકોને તમે મિશનરી સફરોમાં સહાયરૂપ થવા માટે તાલીમ આપો છો તેવી મંડળીઓની મદદ કરો.

### ૩. આવનારી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો

વિશ્વાસીઓને ભાગ -૧ માંના સુવાર્તા પ્રચારને લગતા શાસ્ત્રભાગો વાંચવામાં અને ચર્ચા કરવામાં સહાય કરો.

ખ્રિસ્તી મંડળીના ઈતિહાસના છેલ્લા ૪૦૦ વર્ષ વિશ્વાસીઓએ સુવાર્તાના પસાર માં જે ભાગ આપ્યો તે **સમજાવો.**

જે વિશ્વાસીઓએ સુવાર્તાપ્રચાર કર્યો હોય તેઓ દેવની સહાય બાબતે **સાક્ષીઓ આપે.**

ઘરોના જૂથો અને જૂથ મીટીંગોમાં દેવની સહાય માટે વિશ્વાસીઓને **સાક્ષીઓ આપવા દો.**

**બાળકો**એ તૈયાર કરેલ નાટક તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજ**ની સેવામાં જવા માટે પ્રેકૃ. ૨૦ :૭ વાંચો, સમજાવો કે શરૂઆતથી જ મોટાભાગના વિશ્વાસીઓ પ્રભુની મેજની નિયમિત સેવા માટે આ પ્રાચીન મંડળીનો નમૂનો અનુસરે છે.

બે કે ત્રણના **જૂથમાં** મળીને પ્રાર્થના, આયોજન અને ઉત્તેજનની પ્રવૃત્તિઓ કરો.

માર્ક ૪ :૩૧-૩૨ **મુખપાઠ કરો.** તે પહેલાં સમજાવો કે આ દ્વારા પ્રભુ ઈસુ દેવના રાજ્ય વિષે સમજાવી રહ્યા છે.

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net